શ્રીયુત્ હીરાલાલ ડાહ્યાભાઈ નાણાવટી

નાં પુત્રિ

ઈન્દિરા બ્હેનનાં

લગ્ન પ્રસંગની

ગીતાવલિ.

દંપતીને આશીર્વચન.

સંપત્તિ રળજો, અધર્મ ટળજો, પ્રીતી રૂડી પાળજો
શુદ્ધ સ્નેહ સુવૃક્ષનાં ફળ ભલાં, સંતાનને ભાળજો,
સન્માર્ગે વળજો સ્વરૂપ મળજો, ષટ્શત્રુને બાળજો,
ને શાંતિ સુખમા વસી જનમ આ,—આનંદથી ગાળજો.

સંવત ૧૯૬૯ ના વૈશાખ શુદ ૧૦ ને વાર ગુરૂ
તા ૧૫ મી મે ૧૯૧૩

સુરત

ॐ श्री

॥ श्रीमन्नृसिंहाय नमः ॥

१

મંગલાચરણ

ધોળ.

(પોથી પીતાંબરના હાથમાં, રંગ રે રઘુનાથ—એ રાગે)

શ્રી ગુરૂ ગણુપતિ શારદા, મહા મંગલ રૂપ,
આ શુભ અવસર સમરિયે, વાધે હર્ષ અનૂપ. શ્રીગુરૂ. ૧
મૂષક વાહન મલપતા આવોને ગણુનાથ,
સિદ્ધિ અને બુદ્ધિ દેવીઓ, લેતા આવજો સાથ. શ્રીગુરૂ. ૨
લાભ અને લક્ષ લાડકા, લેતા આવજો દેવ,
વિઘ્ન હરો મંગલ કરો, સ્નેહે કરિયે સેવ. શ્રીગુરૂ. ૩
દેવ સકલ પૂજે આપને, મુનિવર ગુણુગાય,
અપ્સરા મોતી વધાવતી, પધાર્યા ગણુરાય. શ્રીગુરૂ ૪
આ શુભ અવસર આપનો, આપ પાડશો પાર,
પાર્વતી કેરા પુત્રનો સદા જય જયકાર. શ્રીગુરૂ ૫

૨

ગણેશ સ્થાપન સમયનું ગીત.

ધોળ.

(જેને તે ઘેર ચાર દીકરા, તેનો તે ધન
અવતાર—એ રાગે.)

સગા સહોદર સઉ મલી, લઇ અખ્યાણું ધરી પ્રેમ,
ગણેશ માટલી વધાવો, સઉ થાય મંગલ ક્ષેમ ૧
સૌભાગ્યવંતી કુંભારણ કાઇ, આવી આપણે ઘેર,
મંગલદાયક માટલી લઈ, થાય લીલા લ્હેર. ૨
ઘરમા લાવી સ્થાપીએ, શ્રીગૌરીપુત્ર ગણેશ,
જમવુ જમાડવુ ગીત ગાવા, હર્ષ થાય હમેશ. ૩
પુત્ર પુત્રી પરિવાર આપે, પ્રસન્ન થઇ પરમેશ,
વિવાહ મંગલ અવસરે, તો પધરાવાય ગણેશ ૪
ગોત્રજ દેવી સિદ્ધિ અંબા, તેના પૂજી પાય,
પમરણુ આ શુભ લગ્નનાં, કરતા હૃદય હરખાય ૫

૩

પ્રભાતિયાં.

(જાગો જાગોરે રૂખમણીજીના કંથ-એ રાગ)

જાગો જાગોરે, દાદાજી હવે આપ, કે,
સૂરજ ઉપર આવ્યારે,
હર ઘડીએરે, વધતો જશે તાપ, કે,
બાળક વયમા સુહાવ્યારે ધ્રુ૦

દેવ જેવીરે મારી ઇન્દિરા ડાહી કે-સૂરજ૦
તેવો રૂડોરે લાવો પરખી જમાઇ કે-બાળક૦ ૧
ભાવે ભણતીરે રૂડી વિદ્યા વિશેષ કે-સૂરજ૦
ચતુરાઇમારે રહે ચઢતી હમેશ કે-બાળક૦ ૨
દાદા દાખેરે પુત્રી ઉપર પ્રેમ કે-સૂરજ૦
મ્હોટા ભાઇનેરે લેવરાવીએ નેમ કે-બાળક૦ ૩
ખાત રાખીરે કરો વરતણી ખોળ કે-સૂરજ૦
જેવો કંસારરે તેવો લાવવો ગોળ કે-બાળક૦ ૪
મણીભાઇ શોધો મણિ જેવો જમાઇ કે-સૂરજ૦
મણી જેવાંરે મારા ઇન્દિરા બાઇ કે-બાળક૦ ૫

ધીરજ ભાઇરે તમે રાખજો ધ્યાન કે-સૂરજ૦
કન્યા વરનીરે જોડી કરવી સમાન કે-બાળક૦ ૬
થયા મોટારે મારા તનસુખભાઇ કે-સૂરજ૦
તેના જેવીરે કન્યા શોધવી કાઇ કે-બાળક૦ ૭
વિદ્યા સાથેરે એની બુદ્ધિ બલિષ્ઠ કે-સૂરજ૦
વળી વિનયેરે શિશુ પણ થયો શિષ્ટ કે-બાળક૦ ૮
તેવી જોઇએરે કન્યા કુંવરને કાજ કે-સૂરજ૦
જોડો જોડોરે શીઘ્ર લગનના સાજ કે-બાળક૦ ૯
સઉ શાણારે મળી સાધી સગાઇ કે-સૂરજ૦
વિષ્ણુ જેવારે નટવર છે જમાઇ કે-બાળક૦ ૧૦
લક્ષ્મી વાચકરે ઇન્દિરા અભિધાન કે-સૂરજ૦
શ્યામ નટવરરે જોડી જામી સમાન કે-બાળક૦ ૧૧
ભાઇ તનસુખ માટે વડીલોનુ વ્હાલ કે-સૂરજ૦
જોડી જોઇરે આણી હાલ ને હાલ કે-બાળક૦ ૧૨
વહુ સરલારે ચપાવતી ચતૂર કે-સૂરજ૦
ચપાવરણું તન વખણાય જરૂર કે-બાળક૦ ૧૩
બંને જોડીરે જાળવો જગદીશ કે-સૂરજ૦
દાદાજીએરે દીધી અમર આશીશ કે-બાળક૦ ૧૪

૪

પ્રભાતિયાં.

(રામ પરભાતનેરે પોર દેવકી મા માગિયાં—એ રાગ)

કાઇ જનકપુરીને ચોક, આસોપાલવ રૂડા ઊગીઆ,
કાંઇ ડમરા મરવાના નોક, આગળ પાછલ મોરીઆ ૧
કાઇ ડોલર જાઇ ગુલાબ, ચંપો ચમેલીને માલતી,
ગાૈર પૂજવા જનક કુમારી, કુ કુમ પગલે ચાલતી. ૨
તોડે ફુલ સુકોમલ હાથ, ત્યા રઘુનાથજી આવીઆ,
લઘુ બાંધવ લક્ષ્મણ સાથ, જાનકિને મન ભાવિયા. ૩
સખિ કાનમાં પુછે વાત, કોણ તણા એ કુમાર છે,
કોટી કામ સમા સાક્ષાત્, કંઠે એકાવળ હાર છે. ૪
મારૂ મનડું તે મળવા ધાય, પણ કુળ લાજ વિચારીએ,
શિવશક્તિની કરૂણા થાય, એ વર વરી સુખ ધારિયે ૫
સખી બોલી સલુણી વેણ, "કુ વર એ દશરથ રાયના,
રામ લક્ષ્મણ રાજીવ નેણ, શિષ્ય કુશિક મુનિ રાયના. ૬
આવ્યા જોવા વિવાહ પ્રસ ગ, સીતા વિચારે એ સાંભળી,
મારા મનમા ઉઠે છે ઉમગ, રામ સુરત શુભ સાંભળી. ૭
ઉર ઉમીઆનું ધરિ ધ્યાન, સીતા સાચે દિલ વીનવે,
સ્વામી મળજે શ્યામળવાન, એજ ઇચ્છું છું ભવભવે. ૮

૫

ગ્રોત્રજ-કંકોતરી વગેરે પ્રસંગનું ગીત.

મગલ

(મારી વરઘેતે વ્હેલા પધારજોરે-એ રાગ)

વ્હીવા પહેલા તે વહેલા પધારજોરે, (ધ્રુ૦)
રૂડા રૂપેરી પત્રમા પ્રેમથીરે, સાચે ભાવે (૨)
લખે કનકની કલમે આજ. વ્હીવા૦ ૧
જીરે કુંકુમ કેસરથી લખેરે, કુલદેવી (૨)
આઈ આવી રખો મુજ લાજ વ્હીવા૦ ૨
સ્વસ્તિ શ્રી શુભ ડીસાને દેવળેરે, સિદ્ધિ અંબા,(૨)
સાચી શક્તિ વસો કુલ માત વ્હીવા૦ ૩
આવો અંબા ટાણું તમ ઘેર છેરે, તમ આવ્યે (૨)
મારી સુધરી જશે સઉ વાત વ્હીવા૦ ૪
હરિ હર વિધિને ગુરૂ નોતરોરે, તેનાં તેડા (૨)
માજી કરવાનો તમ અધિકાર વ્હીવા૦ ૫
લક્ષ્મી સાથે લક્ષ્મીવર તેડજોરે, ઉમા સાથ (૨)
તેડી લાવો માજી ત્રિપુરાર વ્હીવા૦ ૬
બ્રહ્માણી સાથે બ્રહ્માજી તેડજોરે, શચિ સાથે (૨)
તેડી લાવો તમે ઇન્દ્ર રાય વ્હીવા૦ ૭

રન્નાદેની સાથે રવિ તેડજોરે, દેવી સાથે (૨)
સઉ દેવ તણો સમુદાય વ્હીવા૦ ૮
શ્રી નૃસિંહ સહિત માતા મંગલારે, તેડી લાવો (૨)
મારા સદ્‌ગુરૂ મુજ સિરતાજ વ્હીવા૦ ૯
તેડી દેવ સમાજને ત્રેવડોરે, કુલ દેવી (૨)
એક શક્તિ એ તો તમમાજ. વ્હીવા૦ ૧૦
અમો સ્નેહી સગાં સઉ તેડીએરે, તેની અંબા (૨)
સર્વે પેરે કરો રખવાળ વ્હીવા૦ ૧૧
પાળો વર કન્યાના જોડકાંરે, એજ માગી (૨)
પાયે નમીએ તમારા બાળ વ્હીવા૦ ૧૨

૬

મંડપમુહૂર્તનું ગીત.

(રામચંદ્રજી વનમાં સીધાવતાં-એ રાગ)

ગુરૂ ગણપતિ દેવ પધારિયા,
વાગ્યા ચોઘડીયાં શરણાઈ,
હરખ ઉર માંહી-કે-આપણે માંડવે. (ધ્રુ)૧
આઠ થંભે આઠે રૂપે ઇશ્વરી,
સિદ્ધિ માતા આપે આધાર,
આસન હારો હાર-કે-આપણે માંડવે. ૨

બુદ્ધિ દેવી મંડપ તણે મસ્તકે,
મ્હોડ રૂપે વિરાજે છે માત,
સુખદ સાક્ષાત્-કે-આપણે માંડવે. ૩

જીરે ઝુમ્મર ટાંગિયાં જળહળે,
હાંડી તકતાની મનહર હાર,
શોભીતી અપાર-કે-આપણે માંડવે ૪

રૂડી જરકસી જાજમ પાથરી,
ઝિકના ગલિચા ગુલજાર,
કે તકિયા લતાર-કે-આપણે માંડવે ૫

આવે સાજન મહાજન સ્નેહથી,
તેને આદર ને આવકાર,
કરો સત્કાર-કે-આપણે માંડવે. ૬

વૃદ્ધ દાદાજી આદર આપતા,
નારાયણભાઇ આપે પાન,
સહિત સન્માન-કે-આપણે માંડવે ૭

મારા મણિભાઇ આપે ફુલછડી,
ધીરજભાઇ છાટે ગુલાબ,
અત્તર બહુ બાબ-કે-આપણે માંડવે ૮

પેલા-જમાઇએ જસ કર્યો,
ઉભા દરવાજે પકડી મશાલ.
કરી છે કમાલ-કે-આપણે માંડવે. ૯

૭

માણુક થંભ

(મેઘાડંબર ગાજે એ રાગ)

સોના રૂપાના થાંભલા, મારા માણુક થંભે,
આસોપાલવ ને આંબલા, મારા માણુક થંભે. ૧
વિશ્વકર્માએ કોતર્યા, મારા માણુક થંભે,
માણુક હીરા મોતી ભર્યા, મારા માણુક થંભે ૨
શુભ સંકલ્પ વિવા' તણા, મારા માણુક થંભે,
સ્થંભરૂપે તે અડગ ઘણા, મારા માણુક થંભે ૩
જરકસી કેરા ઝૂમતાં, મારા માણુક થંભે,
પવનની લ્હેરે ઘૂમતાં, મારા માણુક થંભે ૪
મીનાકારીનું મીઠળ દીસે, મારા માણુક થંભે,
ઉમંગ વાધીઓ ઉર વિષે, મારા માણુક થંભે ૫

વિવા'ના વાજીત્ર વાગીઆં, મારા માણુકં થભે,
સગા સબંધી જાગીઆં, મારા માણુક થભે ૬
તેત્રીસ કોટી દેવતા, મારા માણુક થભે,
મંડપ રૂડા સોહાવતા, મારા માણુક થભે ૭

૮

ગ્રહશાન્તિ સમયનું ગીત.

(માતાના મુઠ હેઠ ચપો મ્હોરી રહ્યારે
એ રાગ.)

ઇંદિરા બ્હેનના લગ્ન, મંડપ શોભિ રહ્યારે,
હર્ષે થયાં મન મગ્ન, તોરણ ઓપી રહ્યારે
ઇંદિરા૦ ૧

ગ્રહશાન્તિ શુભ થાય, બ્રાહ્મણ વેદ પઢેરે,
વિઘ્ન સકળ ટળિ જાય, મંગલ તેહ વડેરે
ઇંદિરા૦ ૨

કાંચન બાજઠ જોડ, રત્ન જડિત્ર ભલીરે
સન્મુખને શિર મ્હોડ, તકલ્હાવાની મળીરે
ઇંદિરા૦ ૩

હીરાભાઇની સાથ, ગ્રહપૂજા કરતાંરે,
કુંકુમ કેસર હાથ, ભાવ ભલો ધરતાંરે
ઈંદિરા૦ ૪

નવગ્રહ દ્યો નવ નિધ, સિદ્ધ મનોરથ થાઓ,
અંતરાય સઉ વિધ, અવસરપર અલપાઓ
ઈંદિરા૦ ૫

૯

નટવરલાલ તોરણે આવ્યા તે સમયનું ગીત
(મોજડી વિના શું આવ્યોરે -)

તમે ભલે ભમર વર આવ્યારે, શુભ તોરણ મ્હારે,
મોંઘે મોતીડે વધાવ્યારે, શુભ તોરણ મ્હારે ૧
નાકે પકડીને નિરખુ રે, શુભ૦
નાક ટેકમાં પરખુંરે, શુભ૦ ૨
પણ છો નટવર નામેરે, શુભ૦
વેશ ધર્યા બહુ કામેરે, શુભ૦ ૩
ચોકસીનો કસ કરિયેરે, શુભ૦
તો નાણાની ઠગીમેરે, શુભ૦ ૪

ચોકસીને ઘેર ચાંદીરે, શુભ૦
તેની કીમત આધીરે, શુભ૦ ૫
ટંકશાળોમાં ટાંકયારે, શુભ૦
છાપ વડે પછી આંકયારે, શુભ૦ ૬
નાણાવટીએ પરખ્યારે, શુભ૦
સોળે આના સરખારે, શુભ૦ ૭
વહાણે ચઢીને ફરિયારે, શુભ૦
વિલાયતમાં વિચરિયારે, શુભ૦ ૮
નટવર વેશ ઘણેરારે, શુભ૦
સમજાવું સૌ ફેરારે, શુભ૦ ૯
અમશું રહેજો સાચારે, શુભ૦
ન થશો નાથના કાચારે, શુભ૦ ૧૦

૧૦

મંગલ ફેરા સમયનું ગીત.

(ચોરીમાં તો પહેલું મંગલ વરતાયરે -)

વર કન્યા મંગલ ફેરા ફરતારે,
ઉચ્ચે સ્વરે સહુકોને વિપ્ર ઉચ્ચરતારે ૧
પહેલે મંગલ દાદાજીએ આપ્યાં દાનરે,
હાથી ઘોડા સાથે તે રત્ન પલાણરે. ૨

બીજે મંગલ નારાયણભાઇ દે દાનરે,
રથો રૂડા દિવ્ય વિમાન સમાનરે. ૩
ત્રીજે મંગલ હીરાભાઇ થયા ઉદારરે,
આપ્યાં વસ્ત્ર રત્ન અને અંલકારરે ૪
ચોથે મગલ મણીભાઇ ધીરજભાઇરે,
નાણા અણુતોલ્યા દિયે હરખાઇરે ૫
સગાં સ્નેહી દાન દિયે થઇ મગ્નરે,
ધન્ય ઘડી ઇન્દિરા બ્હેનના લગ્નરે ૬

૧૧

સપ્તપદી

(સુડલા કોયલડીને વીનવેરે -)

કન્યા સ્વધર્મથી પણ કરેરે,
દેવ વડિલ વિપ્ર પાસ,
સ્વધર્મથી ખાસ-પ્રતિજ્ઞાઓ ઉચ્ચરેરે-ટેક
સુખ દુખ નાથ સાથે સહુ રે,
આપ જ્યાં ત્યાં રહું સાથ,
ન છોડું સગાથ-પ્રથમ પદે ઉચ્ચરેરે. ૧
આબાળ વૃદ્ધ કુટુંબનેરે,
છત અછતે ધરી તોષ.
પાળું તજી દોષ-બીજે પદે ઉચ્ચરેરે. ૨

ભર્ત્તાની ભક્તિ સદા કરૂંરે,
બોલું સદા પ્રિય વેણ,
પરમ સુખ હેણુ-ત્રીજે પદે ઉચ્ચરેરે ૩
આપ દુઃખે દુઃખી હું થઉં રે,
સુખ દુઃખમાં લઉં ભાગ
હુકમ અનુરાગ-ચોથે પદે૦ ૪
નાહી ઋતુ શચિ તન મનેરે,
આપને સેવું અનન્ય,
ન ચિન્તવું અન્ય-પંચમ પદે૦ ૫
વ્યાપક વિષ્ણુ શ્રી સાક્ષી છેરે,
તમથી કપટ તણો પંથ,
ન પકડીશ કંથ-છઠ્ઠે પદે૦ ૬
હોમ ને યજ્ઞાદિ કાર્યમારે,
આપની થઇશ સહાય,
ત્રિવર્ગની માંય-સપ્તમે પદે૦ ૭

૧૨

વર કન્યાના સંકલ્પ.

(ઘરની ધણિયાણી તમે રાંધોને સીધો,
માડીની જાઇ માંડવે મ્હાલશેરે—એ રાગ)

ચાર ચોરીમાં લાડો લાડી વદતાં
દંપતી ધર્મ દિલે ધરેરે,

પ્રેમ પ્રતિજ્ઞા પવિત્ર કરતા, શાસ્ત્રની સાખ્યથી
ઉચ્ચરેરે ૧
અન્ન સમૃદ્ધિ માટે પદ ભરો પ્હેલુ, લાડી લાડાને
કહે પ્રેમથીરે,
અન્ન પાનાદિ સાચવીશ સોપેલુ, લાડી લાડાને
વદે નેમથીરે ૨
બળવૃદ્ધિ માટે બીજુ પદ ભરો સારૂ, લાડો૦
કુલ, ને ઉત્સાહ, ધૈર્ય, હર્ષ વધારૂ, લાડી૦ ૩
ધન પુષ્ટિ માટે તમે પદ ભરો ત્રીજુ, લાડો૦
પતિવ્રત પાળી લક્ષ્મી વશ કરી રીઝું, લાડી૦ ૪
સુખ પ્રાપ્તિ માટે ચોથુ પદ તમે ધારો, લાડો૦
કરૂ ચંદનાદિ વડે સુખનો વધારો, લાડી૦ ૫
પશુવૃદ્ધિ માટે આવો પાચમે પગલે, લાડો૦
પશુ પતિ પત્ની પૂજી પશુ પાળુ સઘળે, લાડી૦ ૬
ખટ ઋતુ સુખ અર્થે પદ છઠ્ઠું દેવુ, લાડો૦
ઋતુ આદિ યજ્ઞે મારે સાથે રહેવુ, લાડી૦ ૭
અનુસરો આજ્ઞા મારી સાતમે ડગલે, લાડો૦
આજ્ઞા ઉઠાવીશ પગલે ને પગલે, લાડી૦ ૮
મુજ વ્રતે વ્રત મારા ચિત્તે ચિત રાખો, લાડો૦
તન મન વચન જોડયાં ભવ આખો, લાડો૦ ૮
મંગલ સૌભાગ્ય સર્વ દેવીઓ સ્થાપે, લાડો૦
લાડો લાડીને એવી આશીષ આપે, લાડો૦ ૧૦

૧૩

કંસાર સમયનું ગીત.

(લાડીને કંસારે ના ભાવેરે)

કુસાર પીરસીએ અતિ કોડેરે,
  જમસે વર ને કુન્યા સજોડેરે ૧
ઘી તણી ધારે રૂડો કંસારરે,
  સ્નેહથી તેમ રૂડો સંસારરે ૨
જમજો જમાઇજી કુસાર સુખેરે,
  કંઇ દિન કાઢ્યા હશે ઉણી કુખેરે. ૩
અન વિલાયતમા નથી થાતુ રે,
  એ તહી આપણા દેશથી જાતુ રે ૪
વિનતી નવલા વ્હેવાઇને કરિયેરે,
  શાણા સગા ! જરી ધીરજ ધરિયેરે. ૫
વર કુન્યા પરણીને ઉઠેરે,
  જુગતે જમાડીશુ તમને તે પૂઠેરે ૬

૧૪

આજે આનદની છે અબારરે,
  વર કુન્યા જમે કંશારરે

જમે ઇશ્વરને પારવતીરે,
    જમે બ્રહ્મા અને સાવીત્રી
પુછે વર કન્યાને વીચારીરે,
    કેવો મીઠો લાગે કંસારરે
જેમ દુધમાં સાકર ભેળીરે,
    એવો મીઠો લાગે કંસારરે.
જેવો મીઠો લાગે છે કંસારરે,
    એવો સુખી હજોની સસારરે.

૧૫

વિદાય થતાં પહેલાં ઉપકાર નિવેદન અને આશીષની માંગણીનું બ્હેન ઇંદિરાએ ગાયેલું ગીત

(શીખ સાસુજી દે છે રે:—એ રાગ)

ઉપકાર તમારોરે, માત પિતા માનુ,
હિત કીધુ જે આપેરે, નથી જગમા છાનુ
ઉપકાર૦ ૧

પાળી પોષી સુધારીરે, સુશિક્ષણ આપીને;
શુભ લક્ષણ આપ્યાંરે, કુલક્ષણ કાપીને.
ઉપકાર૦ ૨

શુભ સ્થળ જોઇ આપીરે, સુખી કરવા કાજે,
ત્રણી ચિન્તા ઉઠાવીરે, આવી બર તે આજે
ઉપકાર૦ ૩

ગાય હુ તો તમારીરે, શકુ શુ ગુણવાળી;
દિયો આશીષ સારીરે, શકુ ન હૃદય ખાળી
ઉપકાર૦ ૪

૧૬

બ્હેન ઇંદિરાને વિદાય કરતી વખતનુ શીખામણ અને આશીર્વાદનુ ગીત.

(શાણી પુત્રી સીધાવ તું સાસરે-એ રાગ)

વ્હાલી દેવ સમી ડાહી ઇન્દિરા, સુખી થાજે સદાય(૨)
ધર્મપ્રેમે પતિહિત આચરી, પૂજો વૃધ્ધોના પાય
વ્હાલી૦ ૧

તે છે આજલગી શિખ મેળવી, કેળવી નિજ ચિત્ત,
વ્હાલી વદિયે વિશેષ શું ભેળવી, પતિવ્રત ખરૂં વિત્ત
વ્હાલી૦ ૨

રહેજ સૂચનથી સમજી જતી, શાણી પુત્રી સુજાત,
જઈ સાસરવાસ વિષે સતી, શોભાવો માત તાત
વ્હાલી૰ ૩
વૃદ્ધને ગણી દેવ તુ સેવજે, ઠીક થાજે ઠરેલ,
નાનાં સાસરિયાને મોટાં ગણી, માને રાખજે મેળ.
વ્હાલી૰ ૪
મહિઅર કેરી મોટાઈ ન ભાખતી,
નમતી રહેજે તુ નિત્ય,
સાસરિયાં તણી સરસાઇ સાચવી, પૂરી પામજે પ્રીત્ય.
વ્હાલી૰ ૫
રહેજે હસમુખી હાંસીને પરહરી, સેવજે સદાચાર,
લોક શાસ્ત્રતણી માઝા પાળજે, સાથે શુદ્ધ વિચાર
વ્હાલી૰ ૬
કામ કરવુ એ કામણ તુલ્ય છે તેથી વશ સઉ થાય,
અને અગણિત અવગુણ આળસે, તેની લઇશ ન છાય,
વ્હાલી ૭
જ્યારે અમથી દૂર હોય દીકરી, હૈયું રાખીને હાથ,
ક્ષમા માની શીખામણ પુછજે, એને રાખીને
સાથ. વ્હાલી૰ ૮
તને ધર્મ અને પ્રભુ ધર્મના, સદા કરશે સહાય,
ગુરૂ નરહરિ શ્રેય સદા કરો, બંને લોકની માય.
વ્હાલી૰ ૯

ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મઠુભાઇ ભા
છાપ્યુ ઠે. ખપાટીઆ ચકલા સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર
હીરાલાલ ડાહ્યાભાઇ નાણાવટી
વાડીફળીઆ-સુરત.